**કૃપાકરી પ્રસિધી માટે** **૧૮ ડિસેંબર ૨૦૧૨**

**તારાપૂર પ્રકલ્પગ્રસ્તોના પુર્નવસન માટે શું કર્યું ?**

**ઉચ્ચ ન્યાયાલયે સરકાર અને અણુશકતી મહામંડળ પાસે સ્પષ્ટીકરણ માંગ્યુ.**

**મુંબઈ, મંગળવાર :** તારાપુર પ્રકલ્પગ્રસ્તોના પુનર્વસન કરતીવેળા મહારાષ્ટ્ર સરકારે કયા કામો કર્યા અને તે માટે ભારતીય અણુશકતી મહામંડળે (એનપીસીઆઈએલ) કેટલી નિધી આપી તેની વિગતસર માહિતી આપવાનો આદેશ મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તી અજય ખાનવિલકર અને ન્યાયમૂર્તી રમેશ ધાનુકા ની ખંડપીઠે સોમવારે આપી હતી. પ્રકલ્પગ્રસ્તો ના વતી ઍડ.રાજીવ પાટીલ અને રિટ યાચિકામાં હસ્તક્ષેપ કરેલ માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે રજૂઆત કરી. અને મહારાષ્ટ્ર સરકાર વતી ઍડ.નિતીન દેશપાંડે અને અણુશકતી મહામંડળની વતી ઍડ.રાજેશ કોઠારી હાજર હતા.

તારાપૂર અણૂઉર્જા પ્રકલ્પ ૧,૦૮૦ મેગાવૅટ અણુઉર્જા નિમાર્ણ કરે છે. છતાંય રિટ પીટીશન દાખલ થયે આઠ વર્ષનો ગાળો થઈ ગયો હોવા છતા હજૂ કામો પૂર્ણ થયેલ નથી આ મુજબની ફરિયાદ પ્રકલ્પગ્રસ્તો ના વતી કરવામાં આવી હતી. તા. ૨૬ નવેંબર નાં થયેલ સુનાવણીમાંકયા કામો હજૂ પૂરાં થવાના બાકી છે તેની વિગતવાર માહિતી તા. ૭ ડિસેંબર ના રજૂ કરવાનો હૂકમ ખંડપીઠે આપેલો હતો. તદ્નૂસાર અહીં આપેલ ૧૧ બાબતો હજૂ સૂધી પૂર્ણ થઈ ન હોવાની ઉચ્ચ ન્યાયાલયમાં રજૂ કરવામાં આવી હતી : ૧) સદોષ મકાનોની મરામત માટે અણુઉર્જા મહામંડળે જીલ્હાધિકારીને રૂ.૧૧ કરોડ ૪૯ લાખ આપવા, તેમજ પોફરણ ખાતે ૩૨ મકાન ચોમાસામાં પાણીમાં જતા રહે છે, તેની બદલેએ નવા મકાનો આપવા. ૨) વસાહતમાંના રસ્તા નું સમતલસરણ, દેખભાળ અને  પાકકા માર્ગ બાંધવા માટે રૂ. ૩ કરોડ ૩૯ લાખ આપવા. ૩) પ્રત્યેક ભૂમિહીન પરિવાર ને રૂ.૩૦,૦૦૦ સાનુગ્રહ અનુદાન  આપવું. ૪) કુલ  ૨૮૯  ખેડૂતો છે, તેમાંના ૧૧૨ ખેડૂતોની જમીનના બદલે જમીન આપવી. ૫) પ્રકલ્પપીડિત પરિવારને દરમહિને રૂ.૨,૫૦૦ ભાડાપેટે આપવાનું ઠરાવવામાં આવેલું હતું. પરંતુ અમુક પરિવારોને હાલ સૂધી રકમ આપવામાં આવી નથી. ૬) સર્વ ૧,૨૫૦ પરિવારોને પીવાના પાણીની સગવડ તેમજ પાણી પૂરતા દબાણ સાથે આપવું. ૭)  નવિ અકકરપટ્ટી અને પોફરણના ગામની સીમા આંકી આપવી તેમજ ૯૮ હેકટર જમીન પર અતિક્રમણ હટાવવું. ગ્રામ પંચાયતીની સ્થાપના કરી પુનર્વસિત વસાહતો તે - તે ગ્રામપંચાયતી ને સોંપવી. ૮) પ્રકલ્પપિડિતો ને તેમની ગાથા 'તક્રાર નિવારણ સમિતી' સામે રજૂ થવી જોઈએ, તેમજ તક્રાર નિવારણ સમિતી ના નિર્ણય ની રાજય સરકારે અમલબજાવણી કરવી. તક્રાર નિવારણ સમિતીનું કામ તાત્કાલિક શરૂ કરવા માટે સમિતીના અધ્યક્ષોના પાછલાં દોઢ વર્ષથી ખાલી પડેલાં પદો તાબડતોબ ભરવા. ૯) ૪૩૮ માછીમાર પરિવારો ના પુનર્વસન માટે પ્રત્યેક પરિવારને એક હેકટર ખેતીજમીન આપવી. ૧૦) પ્રત્યેક પ્રકલ્પીડિત માંના એક વ્યકતીને કાયમ સ્વરૂપે નોકરી આપવી. ૧૧) રાષ્ટ્રીય પુનર્વસન યોજના ૨૦૦૩ અને સુધારિત પુનર્વસન યોજના ૨૦૦૭ ના અતિરિકત લાભ પ્રકલ્પપીડિતોને આપવા.

ઉપરની ૧૧ બાબતોના સંદર્ભે ખરી સ્થિતી શું છે તેની માહિતી રાજય સરકાર તેમજ મહામંડળના નિર્ણય લઈ શકનારા સક્ષમ અધિકારીઓએ એકત્ર બેસી ચર્ચા કરવી અને ત્યારબાદ વસ્તુસ્થિતીની માહિતી આપનારી એફિડેવિટ રજૂ કરવી તેવો હુકમ ખંડપીઠે આપેલો છે. આગામી સુનાવણી ૧૦ જાન્યુઆરી ૨૦૧૩ ના થશે.

**( કાર્યાલય સચિવ )**